## પ્રકરણ બીજું : ' કરણઘેલી ' નાં વિવેચનો

''કરણઘેલી' એ ગુજરાતની નવલકથા લેખે સ્વીકારાએલી પ્રથમ કૃતિ છે, એના સમકાલીન અને અર્વાચીન વિવેચનો પૈકીનાં મહત્ત્વનાં વિવેચનો તપાસીને એ નિમિત્તે ગુજરાતી સાહિત્યમાં નવલકથાના સ્વરૂપના વિકાસના આરમ્ભકાળમાં એ સ્વરૂપ વિષેની વિવેચકોની વિભાવના અને એ સ્વરૂપપરત્વેની અપેક્ષાઓ શી હતી તે તપાસી જોઇએ. એથી સાથે સાથે નવલકથાના વિવેચનનાં ધોરણો શી રીતે ઉપજાવી લેવામાં આવ્યાં અને નવલકથાના સ્વરૂપનાં લક્ષણો કેવી રીતે ઉત્ક્રાન્ત થતાં આવ્યાં તેનો પણ ખ્યાલ આવી જશે.

'કરણઘેલી' લખાઇ તેની પાછળ કોઇ શુદ્ધ કલાકૃતિ ગુજરાતમાં અવતારવાનો આશય નહોતો. લેખકે પોતે એની રચનાના ઉદ્દેશ વિષે કહ્યું છે તે પ્રમાણે એમની સામે આ સાહિત્યસ્વરૂપના નમૂના લેખે 'અંગ્રેજી ગાથા તથા વાર્તા' ના સ્વરૂપની કૃતિ હતી. કદાચ ગાથા દ્વારા એમને આજે આપણે જેને નવલકથાથી અલગ પાડીને રોમાન્સને નામે ઓળખાવીએ છીએ તે અભિપ્રેત હોય, તો પણ નવલકથા, ઐતિહાસિક નવલકથા અને રોમાન્સનાં વ્યાવર્તક લક્ષણો એમને સ્પષ્ટ હતાં એવું કહી શકાશે નહીં. આથી આ કૃતિને આધારે કે પશ્ચિમની સમકાલીન કૃતિઓને આધારે એ જમાનાના વિવેચકોએ એ સ્વરૂપની જે વ્યાખ્યા બાંધી અને એ વ્યાખ્યા અનુસાર આ કૃતિનું વિવેચન કરવાનો પ્રયત્ન કર્યો તેનો આપણે પરિચય મેળવવો જોઇએ.

આપણે એ પણ સ્વીકારવું જોઇએ કે એ જમાનામાં શુદ્ધ સાહિત્યિક દૃષ્ટિબિન્દુથી કોઇ કૃતિનું સર્જન કરવામાં આવતું ન હતું. લોકશિક્ષણ એમાં અનિવાર્યતયા ઉમેરાઇ જ જતું. સાથે સાથે નૈતિક બોધ તારવી આપીને આચાર માટેનો આદર્શ રજૂ કરવાનું પણ વલણ રહેતું. જો લેખકનો ઉદ્દેશ આ સ્વરૂપનો હોય તો લેખકે જે કરવા ધાર્યું હોય તે કેટલે અંશે સિદ્ધ કરી શકયા છે એ દૃષ્ટિએ કૃતિને મૂલવવી કે નિરપેક્ષ સાહિત્યિક ધોરણે ?

આ પ્રશ્ન આપણા વિવેચકોએ હમેશા આગળ ધર્યો છે. આ કૃતિના વિવેચનમાં પણ વિવેચકોએ આ મુદ્દો ધ્યાનમાં રાખ્યો છે.

લેખકે પોતે પોતાના આશયની સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે. 'એક જમાનો અસ્ત પામતો, બીજો ઉદયગિરિ પર ડોલતો, મગરૂબીનો માર, વ્યભિચારની હાર, ધર્મની જય, પાપનો ક્ષય - આનો ચિતાર આલેખવા ઉચિત ઐતિહાસિક સમય પસંદ કરવાની મારી ઇચ્છા હતી.' આ ઉપરાંત એમની આ કૃતિને ઇતિહાસનિર્ભર બનાવવા સાથે એમાં કલ્પનાના અંશો ઉમેરીને એમણે કેવી રીતે રચના કરી તથા નવલકથામાં શું હોવું જોઇએ એ વિષેની એમની અપેક્ષાઓ એમણે આ પરિચ્છેદમાં આ પ્રમાણે વ્યકત કરી છે."'કરણઘેલો' વિષે જેટલી હકીકત ઇતિહાસ ઉપરથી જણાય છેતેમાં બીજી કલ્પિત વાતો ઉમેરીને આ વાર્તાનો વિસ્તાર કીધો છે. જે વખતે આ સઘળા બનાવો બન્યા તે વખતે લોકોની રીતભાત કેવી હતી, તેઓના વિચાર કયા પ્રકારના હતા, ગુજરાતના રજપૂત રાજા તથા દિલ્લીના મુસલમાન બાદશાહની રાજનીતિ વગેરે કેવી હતી, રજપૂતોમાં સ્ત્રીઓ તથા પુરુષોનું શૂરાતન તથા નીતિ અને કુળ અભિમાન કેટલું હતું. મુસલમાનોમાં કેટલી ઝુસો, ધર્માધપણું, તથા હિન્દુઓ ઉપર અને તેઓના ધર્મ ઉપર દ્વેશ હતો એ વગેરે બીજી કેટલીએક હકીકતોનું જેમ બને તેમ ખરેખરું ચિત્ર બનાવી આપવું એ જ આ પુસ્તકનો હેતુ છે."

આનું તારણ કાઢીએ તો લેખકની દૃષ્ટિએ કૃતિમાં આટલાં લક્ષણો હોવાં ઘટે: ઇતિહાસ તથા કલ્પિત વાતો, લોકોની રીતભાતનું વર્ણન, લોકોના વિચાર અને આ બધાનું ખરેખરું ચિત્ર. અહી ખરેખરું એટલે વાસ્તવિક કે તાદૃશ એવો પ્રશ્ન થશે.

'કરણઘેલો' ના બે સમકાલીન વિવેચકોએ 'કરણઘેલો' નુ વિવેચન કરતાં નવલકથામાં જે લક્ષણો બાંધ્યા છે તેની પણ અહી નોંધ લેવી ઘટે. એ પૈકીના એક વિવેચક મણિભાઇ તન્ત્રીએ એમના પુસ્તક 'ગુજરાતી નવલકથાનું સાહિત્ય' માં જે ચર્ચા કરી છે તેને આધારે એમની આ વિષેની વિભાવના કંઇક આ સ્વરૂપની છે. નવલકથાના

ઉદ્દેશની ચર્ચા કરતાં એમણે એના ઉદ્દેશને, નવલકથા પણ કલ્પિત સાહિત્ય ( Fiction ) હોવાથી કાવ્ય નાટક વગેરેના ઉદ્દેશ જેવોજ ગણ્યો છે. એથી દુનિયાનું ઘણાં પ્રકારનું જ્ઞાન સૌથી વધુ આનન્દ અને ઓછી મહેનતથી મળે છે. અને માનસિક ક્ષિતિજનો વિકાસ થાય છે. એઓ માને છે કે ગ્રંથકારનું નવલકથા મોટામાં મોટું હથિયાર છે કારણ કે નવલકથાનું વાચન સૌથી વિશાળ હોવાથી એની અસર સૌથી મોટા સમૂહમાં ફેલાવી શકાય. આથી નવલકથા કલ્પિત સાહિત્યનું સૌથી સમર્થ અંગ છે. એનો પ્રભાવ અમાપ છે. ઉચ્ચ ભાવનાવાળી નવલકથા વાચકની કલ્પનાને ઉચ્ચ માર્ગે દોરી ઉત્તમ આશયોનું અવલંબન કરાવે છે. આ દૃષ્ટિએ નવલકથાકાર 'ભાવનાની ઝરી છે, વિચારોનો ઉત્પાદક છે અને તેના ગ્રહણનો અધ્યાપક છે.' આમ છતાં એમની દૃષ્ટિએ નવલકથા ઊતરતી પંક્તિનું સાહિત્ય છે કારણ કે તેની ઉત્પત્તિ માટે 'સ્ફુરણ' ( Inspiration )કરતાં યોજનાની વિશેષ આવશ્યકતા છે. આ ઉપરથી જોઇ શકાશે કે નંદશંકરના ઉદ્દેશથી આ વિવેચનોનો ઉદ્દેશ તત્વતઃ ભિન્ન સ્વરૂપનો નથી. એઓ પણ લોકોની રીતભાત, એમાંથી ઘણા પ્રકારનું મળતું દુનિયાનું જ્ઞાન તથા વિચારને મહત્ત્વ આપે છે. એમની દૃષ્ટિએ નવલકથા આનન્દ અથવા બોધ અથવા એ બન્ને પ્રાપ્ત થાય એવા પ્રયોજનથી રચવામાં આવે છે. એમાં જનસ્વભાવનું વર્ણન હોય, કેવળ કલ્પિત પરંતુ વાસ્તવિકતાના આરોપણવાળા માનવવ્યવહારનું, કલ્પિત અને યથાતથ બન્નેના મિશ્રણવાળી અને વાસ્તવિકતાના આરોપણ અને દર્શનવાળી મનુષ્યની પ્રવૃત્તિનું શબ્દબદ્ધ ચિત્ર તે નવલકથા એવી એ જમાનાની સમજ હતી. આ દૃષ્ટિએ એ સંસારચિત્ર આપે છે. એમાં અલૌકિક કે અતિપ્રાકૃતિકને ઝાઝો અવકાશ નથી. ઐતિહાસિકમાં પણ કલ્પના અને યથાતથ્યનું મિશ્રણ હોય એવું ત્યારે પણ સ્વીકારાયું છે. ચારિત્ર્ય કેવી રીતે ઉત્ક્રાન્ત થઇને વિકાસ પામે એનું શિક્ષણ પણ એમાંથી મળે. જેના સંકલનમાં કાલ્પનિક અને વાસ્તવિક રસાઇ જઇને લગભગ અભિન્નરૂપે પ્રતીત થતાં હોય તે નવલકથા રચનાની દૃષ્ટિએ ઊંચી કોટિની ગણાતી. આવી નવલકથામાં પાત્રો, પ્રસંગો, સ્થળ વગેરે અસમ્ભાવ્ય ન લાગે.

નવલકથાના મુખ્ય ત્રણ પ્રકારો ત્યારે પાડવામાં આવ્યા હતા: ઐતિહાસિક, સ્થિતિસૂચક અને દાર્શનિક, ભૂતકાળનું મનોરંજક અને બોધદાયક ચિત્ર ઐતિહાસિક નવલકથામાં હોય. મુખ્ય પાત્ર ઇતિહાસમાં પ્રસિદ્ધ વ્યકિતનું હોય, એને આધારભૂત કરવા બીજા ઉતરતી પંકિતનાં પાત્રો એમાં ઉમેરાયાં હોય. ઐતિહાસિક વ્યકિત અને તેનાં સ્થળકાળની અણસાર મળે એટલો ઇતિહાસના તથ્યનો એણે આધાર લીધો હોવો જોઇએ. મુખ્ય વસ્તુને અને પાત્રના કાર્યને ઉઠાવ આપવાને માટે અજ્ઞાત તથા કલ્પિત પાત્રો અને ઘટનાઓ એમાં યોજી શકાય. આ ઉમેરાયેલા અંશોને કારણે નવલકથા કેવળ ઇતિહાસનું પુનર્કથન બની રહેતી નથી પણ સર્જનાત્મક કૃતિ બને છે. 'કરણઘેલો' પાસે સમકાલીન વિવેચન આવી કંઇક અપેક્ષા રાખતું હતું.

નવલકથાના ઘટક અંશો વિશેની તે સમયની વિવેચનાની સમજ કંઇક આ પ્રકારની છે. દેશ, કાળ, પાત્ર અને સંપ્રદાય આ ચારને નવલકથાના અંગો ગણવામાં આવતાં. આ પૈકી દેશ, કાળ અને પાત્રની ચર્ચા કંઇક અછડતી થયેલી જોવામાં આવે છે. સંપ્રદાયનું વર્ણન લેખકે ખાસ લક્ષ આપીને કરવું જોઇએ. હાનિકારક સંપ્રદાયોનું વર્ણન ઉપહાસાત્મક હોવું જોઇએ. કારણ કે એમ માનવામાં આવતું કે નવલકથા સુધારો કરવાનું હથિયાર છે. આથી ઉચિત પાત્રોનાં મુખે બીજા દેશોના સારા સંપ્રદાયોના લાભનું જ્ઞાન આપણાં વાચકોને આપવું જોઇએ. અહીં સંપ્રદાય શબ્દની સંકેત એમને મન શી હતો તે પણ સમજી લેવું ઘટે. સંપ્રદાય એટલે અમુક જ્ઞાતિના રીતરિવાજો એટલું જ નહીં પણ કેળવણી, રાજ્યનીતિ, વ્યાપાર, ધર્મવિજ્ઞાન વગેરે સર્વ વિષયોનો પ્રચલિત વ્યવહાર. આ બધાનું વર્ણન સરસ ભાષામાં કર્યું હોય તો નવલકથાનો રસ વધે એમ મનાતું.

પાત્ર પરત્વેની એ સમયની વિવેચનાની સૂઝ કંઇક આ સ્વરૂપની છે: નવલકથામાં ઉત્તમ, મધ્યમ અને અધમ એ ત્રણે વર્ગનાં પાત્રો આવવાં જોઇએ, તો જ જે દેશ અને કાળના આચાર અને ભાવનાઓ દર્શાવવાનાં હોય તે પ્રમાણભૂત બને.

સારાને નરસાં જોડે મૂકવાથી તુલના શક્ય બને. આવી તુલનાથી સારાસારનો વિવેક કેળવાય. ખરાબ જેવા ન થવું અને સારા જેવું થવું એવું તાત્પર્ય એમાંથી વાચક ગ્રહી શકે. ઉત્તમતા કે અધમતાનું નર્યું અસામાન્ય ચિત્રણ એમાં ન હોવું ઘટે, આદર્શ પાત્ર દ્વારા રજૂ કરવા એ સારું છે, પણ વાસ્તવિકતા પણ છેક્ષ્ઢ પરોક્ષ ન થવી જોઈએ. ઐતિહાસિક નવલકથામાં પણ જો એવાં પાત્રો ન હોય તો કલ્પી લેવાં જોઈએ. કલ્પિત આચરણની મેળવણીથી વાર્તાનો રસ વધારે જામે છે. ઐતિહાસિક નાયકનું ગૌરવ આવાં પાત્રોને લીધે વધુ ઉઠાવ પામે છે.

આ ઉપરાંત નવલકથાકારમાં સ્પષ્ટ પ્રતિરૂપો યોજવાની શક્તિ હોવી જોઈએ. મહાન નવલકથાઓ અમરત્વ ભોગવે છે તે ભાવનાઓ કે આદર્શોના પ્રતિરૂપો સમર્થ રીતે યોજવાની શક્તિને કારણે.

મુખ્ય પાત્રો પ્રતીતિકારક નીવડે એ માટે નવલકથાકારે સારો પ્રયત્ન કરવો જોઈએ. મુખ્ય પાત્રોનાં ચહેરા, સ્વભાવ, રીતભાત તથા શિક્ષણનું વર્ણન કરી તેમના ચરિત્રનો 'ઉદ્ભેદ' પ્રતીતિકર રીતે રજૂ થવો જોઈએ, આમ પાત્રોનાં વર્ણન જિજ્ઞાસાપૂરક, 'ઉદ્ભેદસૂચક' અને સૂક્ષ્મ હોવાં જોઈએ. આ માટે લેખકને જનસ્વભાવનું સારું જ્ઞાન હોવું જોઈએ. જનસ્વભાવના વર્ણનમાં 'સાક્ષાત્કારતા' ની આવશ્યકતા બીજાં વર્ણનોની અપેક્ષાએ વિશેષ રહે છે કારણ કે પ્રકૃતિના અથવા જડસૃષ્ટિનાં વર્ણનોની અસારતાનું જેવું આચ્છાદન ભાષાની ઝળકથી કરી શકાય તેવું આચ્છાદન જનસ્વભાવનાં વર્ણનોમાં થઇ શકતું નથી તેનું કારણ એ કે વાંચનાર પાત્રના ગુણાવગુણનું પૃથક્કરણ કરી તેની પાત્રતા પોતાના મનમાં ઠસાવવાનો સતત પ્રયત્ન કરે છે. આ હેતુ સિદ્ધ કરે એવાં સંગીન વર્ણનો માટે નિરીક્ષણ સંગ્રહની જરૂર છે. જનસ્વભાવનું શાસ્ત્ર અનંત ક્ષેત્રવાળું શાસ્ત્ર છે. ઘણી શોધખોળ થાય તો પણ એ વિષયનો કોઇ એક સંપૂર્ણ ગ્રંથ સંભવી શકે નહીં. જેમ દરેક મનુષ્યનો ચહેરો બીજા કોઇનાની સાથે સંપૂર્ણ સામ્ય બતાવતો નથી તેમ દરેક મનુષ્યનો

સ્વભાવ બીજા કોઇના સ્વભાવની સાથે સંપૂર્ણ સાદૃશ્ય બતાવતો નથી. દરેક નવીન વ્યક્તિત્વ જનસ્વભાવના શાસ્ત્રમાં નવીનતા ઉમેરે છે. આવી નવીનતા અને પુનરાવૃત્તિનું જ્ઞાન લેખકે પ્રતીતિકારક રીતે નવલકથામાં કરવું જોઇએ. નવલકથાના લેખકે પાત્રના ચહેરા અને સ્વભાવના વર્ણન સિવાય બીજા કોઇ પ્રકારનું સ્પષ્ટીકરણ કરવું ન જોઇએ. ઘણીવાર લેખકોને પોતાને મનોવ્યાપારનું કંટાળો આવે તેવું પૃથક્કરણ કરવાની વૃત્તિ થાય છે તેથી તો ઉલટાની રસક્ષતિ થાય છે.

આ ઉપરાંત લેખકમાં 'સર્વાનુભવ રસિકતા' (objectiveness ) હોવી ઘટે. 'સ્વાનુભવરસિકતા' ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવે છે. 'વિષયને વિષે પોતાને જ વીતેલો અનુભવ, અને તે અનુભવજનિત લેખકના વિવિધ વિચારો,-એ ઉભયસહિત વિષય આલેખવાનો ગુણ તે 'સ્વાનુભવરસિકતા' (subjectiveness ). નવલકથાકારને 'સર્વાનુભવરસિકતા' ની વધારે જરૂર છે. કારણ કે કોઇ પણ એક જ વ્યક્તિનો અનુભવ સંકુચિત હોવાનો વધારે સમ્ભવ છે. સ્વાનુભવરસિક લેખકનાં ચિત્રોમાં જ્ઞાન પ્રાપ્ત કરતી વેળા લેખકના મનની અસ્વસ્થ સ્થિતિને લીધે નિરૂપણમાં વક્રીભવન અને અસ્પષ્ટતા સંભવે છે.

સર્જનાત્મક સાહિત્ય માત્રમાં કલ્પનાને એ જમાનાનાં વિવેચને અનિવાર્ય ગણી છે. કલ્પના જ્ઞાનજનિત અને અનુભવજનિત એવી શક્તિ છે. જ્ઞાન અથવા અનુભવ અથવા એ બન્નેના આધારે કલ્પના કરનારના જ્ઞાનસંગ્રહમાં અથવા અનુભવસંગ્રહમાં નથી હોતી તો પણ અન્યને તે વાસ્તવિક લાગવી જોઇએ એવી જ કલ્પનાની નવલકથામાં જરૂર છે, બીજી નકામી છે. નવલકથાકારો જે કંઇ સરજે તે શૂન્યમાંથી ઉત્પન્ન થતું નથી. પણ જ્ઞાન અને અનુભવમાંથી ઉત્પન્ન થાય છે. જ્ઞાન એટલે અંતઃચક્ષુનું જ્ઞાન. જ્ઞાન અને અનુભવની ન્યૂનતા કલ્પનાની ન્યૂનતાનું કારણ બને છે.

એ સમયની વિવેચના આ ઉપરાંત નવલકથાના એક અંશ લેખે બોધક હેતુને સ્થાન આપે છે. લેખકની યોજેલી જે ભાવનાઓ વિશિષ્ટ પાત્રના આચારવિચાર વ્દારા આવિર્ભાવ પામે છે તેને નવલકથાનો બોધક હેતુ કહે છે. નવલકથા લખવાની ઈચ્છા થાય તે જ સમયે તેના લેખકની વિચાર શ્રેણીમાં અમુક ભાવનાઓ હોય છે. એ ભાવનાનું મૂલ્ય વાચક કરશે અને લેખકનો પ્રયાસ ઉપયોગી નીવડશે એવી પ્રતીતિ પણ એ લેખકને થાય છે. નવલકથા ઐતિહાસિક, સામાજિક કે દર્શનિક હોય, પરન્તુ તે દરેકમાં બોધકહેતુ રહ્યો હોય એવી અપેક્ષા રહેતી. બોધહેતુ હોવો જ જોઈએ એમ કહેવાનો આશય એ નથી કે નવલકથામાં સ્પષ્ટ સમ્બોધનો હોવાં જોઈએ. વાચકોને કરવામાં આવતાં સીધાં સમ્બોધનોથી તો લેખકોએ હમેશાં દૂર રહેવું જોઈએ. પાત્ર અથવા ભાવનાવાચક નામને લેખકે સમ્બોધન કરી બોધ આપવો તે યોગ્ય નથી. આ બોધક હેતુ વ્યંગ્ય રહેવો જોઈએ. લેખક બોધ આપવાનો યત્ન કરે છે એમ વાચકને થાય કે તરત તેનું મન કચવાય છે. વસ્તુની સંકલનામાં ને કલાવિધાનમાં બોધક હેતુની સબળ વ્યંજના સિદ્ધ થવી જોઈએ.

આ ઉપરાંત કૌતુકમયતાની પણ નવલકથામાં અપેક્ષા રહેતી. સંસારના સુખદુ:ખ અથવા ચડતીપડતીનાં જે અસંખ્ય કૌતુકો બને છે તે કૌતુકોનાં સાદૃશ્યમય પ્રસંગોનું નવલકથાનાં અન્ય અંશો સાથે જે મિશ્રણ થાય છે તે મિશ્રણનો જે સમગ્રભાવ તે કૌતુકમયતા. જે નવલકથામાં રજૂ થતા ચિત્રના પ્રાથમિક અવતરણથી તે ચિત્રની સમાપ્તિ પર્યંત વાસ્તવિકતાનું આરોપણ થયેલું દેખાય અને તે મનોરંજક નીવડે એવું હોય તો એવા ચિત્રનું કૌતુકમયત્વ ઉત્કૃષ્ટ લેખાય. આમ કૌતુકમયત્વ મનોરંજક હોવું જોઈએ એ ખરું છતાં અસમ્ભાવ્ય ન હોવું જોઈએ.

નવલકથાનું વાચન નૈતિક દૃષ્ટિએ અનિષ્ટ અસરો ઉત્પન્ન ન કરે એવું ઈચ્છવામાં આવતું. સર્વત્ર, કાર્યસિદ્ધિનાં ચિત્રો આપવાથી સામાન્ય

વાચકના મન પર પોતાને વિષે નિરાશાની અસર ઉત્પન્ન થાય. વાચકને પોતાની પ્રવૃત્તિમાં કદીક નિરાશ થવું પડ્યું હોય તો પોતાની સ્થિતિને મળતાં આવતાં પાત્રને જોઈને દિલાસો ને બોધ મળે. પરન્તુ કેવળ કાર્યની સફળતાજ બતાવવામાં આવતી હોય તો નવલકથાનાં પાત્રો પોતાની સ્થિતિથી ઉત્તમ પ્રકારનાં છે એમ માની લઈ વાચક અનુકરણનો વિચાર પડતો મૂકે છે અને એથી નવલકથાનો, બોધ આપવાનો ઉદ્દેશ વ્યર્થ જાય છે. એ વિવેચનાએ આ સાથે આ પ્રશ્ન પણ ઊભો કર્યો છે. ''ફકત અધમ ચિત્રમાંથી બોધ શા માટે વ્યંગ્ય ન થાય ?'' પણ આની આથી વધારે સૂક્ષ્મ ચર્ચા આપણને સાંપડતી નથી.

નવલકથાની ભાષા વિષે ઝાઝી ચર્ચા થયેલી દેખાતી નથી. જે કાંઈ ચર્ચા છે તે અછડતી છે. શબ્દપ્રયોગનું ઔચિત્ય અને શબ્દોની સંનિધિનું ઔચિત્ય - આ બે નો જો મેળ ખાય તો યોગ્ય 'પદબંધ' ઉત્પન્ન થાય. વર્ણનમાં દર્શાવેલા વિચારો રસપ્રદ હોય, પાત્ર અથવા પદાર્થોના વર્ણનમાં તેમાં વિરલત્વને લીધે આકર્ષકતા પણ હોય તો તે જ પાત્ર અથવા પદાર્થનું સ્વરૂપ પ્રતીત થવામાં અંતરાય ઊભો થાય અને રસનિષ્પત્તિમાં વિઘ્ન ઊભું થાય. અમુક શબ્દ પ્રયોગ કરવામાં ઔચિત્ય છે કે નહીં, અમુક શબ્દો જોડાજોડ મૂકવાથી વર્ણનીય વિષયના સ્વરૂપને સહાયતા મળે છે કે હાનિ થાય છે તેનું પરીક્ષણ પણ લેખકને સંસ્કારના બળે સ્વત: થતું રહેવું જોઈએ. 'પદબંધ'નું પૃથક્કરણ થતું નથી એવી ફરિયાદ એ વખતની વિવેચનાએ કરી છે ખરી.

નવલકથાનું એક સાહિત્યસ્વરૂપ લેખે જે વૈશિષ્ટય કે મહત્ત્વ છે તેનો ઝાઝો વિચાર થયેલો જોવામાં આવતો નથી. પણ બોધ મેળવવાના સાધન લેખે એની મહિમા સ્વીકારાયેલી છે. ઉત્તમ નવલકથાઓ દુનિયાના ઘણા વ્યવહારનું, મનુષ્યસ્વભાવનું તથા કંઈક અંશે ઇતિહાસનું જ્ઞાન આપે છે. આથી વિશેષ બોધ નવલકથામાંથી મેળવવાનો પ્રયત્ન કરવો તે ભૂલભરેલું છે એમ પણ કહેવાયું છે. આનન્દ મળે છે તે પણ બીજા ક્ષણિક આનન્દના જેવો નહીં પણ ચિરકાલીન હોય છે. પણ નવલકથાને

જિન્દગીનાં વિવરણરૂપ કહીને ઓળખાવાઇ છે. પણ અસત્ય કે અસ્પષ્ટ વિવરણવાળી નવલકથાઓની મહિમા ઝાઝો ન હોઇ શકે. નવલકથા આ રીતે જ્ઞાનના જે સંસ્કાર આપણા મન પર પાડે છે તે પરોક્ષ થઇ જાય છે પરંતુ તેથી એ સંસ્કારનું મૂલ્ય ઓછું થતું નથી.

નવલરામ પણ 'રસિક' (સર્જનાત્મક) પુસ્તકનાં રસ, રીતભાત અને સુવિચાર એ ત્રણ અંગ ગણાવે છે. અને એમાં પ્રાબલ્ય રસનું હોવું જોઇએ એમ કહે છે. આ રસ વિષેની એમની સમજ આવી છે: ભાતભાતના પ્રસંગે વડે માણસનાં મનમાં જે ભાતભાતના વિકાર ઉત્પન્ન થાય છે તેનાં ખરેખરા વર્ણનનું નામ તે રસ. આમાં જે સાર્વત્રિક સ્વરૂપના એટલે કે સ્થાયી તે રસ અને દેશકાળાનુસાર ભિન્નરૂપે પ્રગટ થાય તેને નવલરામ 'રીતભાત' કહીને ઓળખાવે છે. માનવવ્યવહારમાં રહેલા કાર્યકારણના સમ્બન્ધને એ શોધી કાઢી અ ઉપરથી સિદ્ધાંત બાંધવા તે સુવિચાર . નવલકથામાં આ રસ નાટક કે કવિતાની અપેક્ષાએ ગૌણ સ્થાને રહેલો હોય છે. નવલરામ નવલકથાની વ્યાખ્યા જ આ પ્રમાણે આપે છે. '' જેમાં રીતભાતનું વર્ણન વધારે હોય અને ખટરસની માત્ર છાંટ જ હોય તેને વાર્તા અથવા નૉવેલ કહે છે.'' રસ વિશેની વધુ સમજ આપતા એઓ ઉમેરે છે, '' ચોપડીના જે ગુણને લીધે આપણને વાંચવાનું મન થાય અને વાંચવા માંડયા પછી હાથમાંથી છોડવી ગમે નહીં તે ગુણને રસ કહે છે.'' આવી રસની એમની સમજ કંઇક ઉપરછલી લાગે છે. કેવળ કુતૂહલને ઉદ્દીપ્ત રાખીને આપણો Interest ટકાવી રાખે એ ગુણ તો એક તદબીર માત્ર બની રહે છે. પણ નવલરામના મનમાં આને માટે 'મઝા' એવો શબ્દ છે તે રસને એનાથી જુદો પાડીને એને Delineation of Passions કહીને ઓળખાવે છે. એમણે પાડેલા આ ભેદ મુજબ જોતાં એમને એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે 'કરણઘેલો' માં મઝા' સાધારણ છે પણ રસ તે તો ઘણો થોડો છે. આમ થવાનું કારણ એમની દૃષ્ટિએ પાત્રોનાં મનોવિકારનાં ચિત્રોમા' કુદરતી સાચાઇનો અભાવ છે. એનું બીજું કારણ એઓ એમ આપે છે કે 'સઘળા ગુણચિત્રોના છૂટાછૂટા અંગને શણગારવાને જેટલો શ્રમ લીધો છેતેટલો તે એકમેકને અનુકૂળ કરવામાં લીધો નથી. અર્વાચીન પરિભાષામાં

કહીએ તો અંગો વચ્ચેના organic relation નો નવલકથાકારે ખ્યાલ રાખ્યો નથી. આ ઉપરાંત 'સંભાષણ રચવાની કળા ' ને એટલે કે પાત્રપાત્ર વચ્ચેના સંવાદ યોજવાની કળાને વાર્તાના રસનો મૂળ પાયો ગણે છે. આમ એમની રસ વિષેની સમજ બહુ સ્પષ્ટ સ્વરૂપની નથી.

સુવિચાર એમને મન પણ નવલકથાનું એક અગત્યનું સહાયકારક અંગ છે. આ સુવિચાર નવલકથા જેવી સર્જનાત્મક સાહિત્યકૃતિમાં કેવે સ્વરૂપે સ્થાન પામવા જોઈએ તે વિષે નવલરામે ઝાઝો પ્રકાશ પાડયો નથી. માત્ર એમણે એટલું કહયું છે કે કોઈ વાચકને એ વધારે પડતા છે એવું લાગે પણ નવલરામ પોતે તો એને ગુણ લેખીને મોહિત થયા છે. અને લોકોના મનની એ સમયની સ્થિતિ જોતાં આવા 'રસિક પુસ્તક' માં નંદશંકરે સુવિચારને અસાધારણ સ્થાન આપ્યું છે તેથી લોકોના જ્ઞાનમાં વધારો થશે.

ભાષા વિષેની ચર્ચામાં એમણે ભાષાની શુધ્ધિનો પ્રશ્ન ઊભો કર્યો છે, તેમાં તે જમાનામાં કદાચ એમ મનાતું હતું કે શિષ્ટ ભાષા તે શુધ્ધ ભાષા. એની એમણે પુરસ્કાર કર્યો હોય એવું લાગે છે. નવલકથામાં બધાંજ પાત્રો એક જ પ્રકારની ભાષા ન બોલે એમાં પાત્રાનુસાર, દેશકાળાનુસાર, જુદી જુદી લઢણો નવલકથાકાર યોજે તો તેણે અશુધ્ધ ભાષાનો પ્રયોગ કર્યો એમ આજે આપણે નહીં કહીએ. આમ છતાં એ ભાષા, એ સમયના હજી તો વિકસતા આવતા ગુજરાતી ગદ્યમાં એક 'જાણવાજોગ નમૂનો' રજૂ કરે છે એવું એમણે સ્વીકાર્યુ છે. એ સરળ છે ને કાનને સારી લાગે એવી છે એ એમની દૃષ્ટિએ એના ગુણો છે. નવલરામ પણ એ જમાનાના અન્ય વિવેચકોની જેમ વર્ણનશકિતને ઘણું મહત્ત્વનું સ્થાન આપે છે. ખાસ કરીને રીતભાતનાં વર્ણનો જો સારી રીતે આપવામાં આવે તો ગ્રંથકર્તાના માથાનું અડધું જોખમ ઊતરી ચૂકયું એમ એઓ માને છે. આ જ રીતે પાત્રોનું વર્ણન તથા સુવિચારનું વર્ણન કરવામાં રહેલી છે એમ એઓ માને છે. આમ છતાં આવાં વર્ણનોનાં લખાણથી જયાં રસક્ષતિ થાય છે ત્યાં એમણે એની નોંધ લીધી છે. વર્ણનોમાંના વિગતદોષ પણ એમને ખૂંચ્યા છે. આ વર્ણનો નવલકથાકારે પોતાનામાં રસનિષ્પત્તિની ઝાઝી

શકિત નથી તેથી તેની ખોટ પૂરવાને કર્યાં હોય એવો એમને સંદેહ છે.

આમ એકંદરે જોતાં નવલરામને આ નવલકથા રસનિષ્પત્તિની દૃષ્ટિએ નબળી લાગી છે. વર્ણનો તથા સુવિચારની દૃષ્ટિએ સારી લાગી છે. કેટલાંક વિગત દોષો એમણે બતાવ્યા છે તો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જ્યાં સામાન્ય રીતે જે બે મનોવૃત્તિઓ વિરોધી હોઇ સાથે ન રહી શકે તે લેખકે સાથે બતાવી છે, ત્યાં પણ એમણે વાંધો લીધો છે. વળી સતી થતી વખતે ગુણસુંદરી સતીત્વના ગૌરવને ભૂલીને વિધવાના દુ:ખનાં રોદણાં રડે એ પણ નવલરામને ક્ષતિકર લાગ્યું છે. એમનાં શબ્દોમાં કહીએ તો, 'સતી થવાના અદ્ભુત રસની સાથે વનનું લલિત વર્ણન મૂકવું એ સ્મશાનમાં બળતા મુડદા આગળ દાદરાઠુમરી ગાવા જેવું રસિકજનને વિપરીત લાગે છે.' આ ઉપરાંત મૂળ વસ્તુને ઉપકારક નહીં એવા પ્રસંગોનો સમાવેશ પણ એમણે અનુચિત ગણ્યો છે.

આમ છતાં નિરપેક્ષ દૃષ્ટિએ કૃતિને ન જોતાં ગુજરાતની એ પહેલી નવલકથા છે એ ઐતિહાસિક ઘટનાને ધ્યાનમાં રાખીને એમણે એવી પહેલ કરનારનું કડક વિવેચન કરવું ગેરવ્યાજબી અને અવિવેકી ગણ્યું છે. દોષોને વિવેકપૂર્વક પ્રગટ કરવાનું એમણે મંજૂર રાખ્યું છે છતાં એમનું વલણ ગુણની ઘટતી તારીફ કરીને ઉત્તેજન આપવાનું છે.

આ રીતે નવલરામ નવલકથાના સાહિત્યસ્વરૂપનાં વિશિષ્ટ લક્ષણોમાં રીતભાતનું વર્ણન અને દેશકાળનું વર્ણન તથા સુવિચાર એટલું જ ગણાવી છૂટે છે. આ વર્ણનો કે વિચારોની સુંદરતાની આલોચના એમણે સમગ્રકૃતિના સંઘટન સૂત્રને ધ્યાનમાં રાખીને એનાં એક અવિભાજ્ય અંગ લેખે કરી નથી પણ તે તે વર્ણનોને પૃથક્પણે જોયાં છે. આથી કૃતિ વિષેની એક અખંડ પુદ્ગલના સ્વરૂપની એમને ખ્યાલ આવ્યો હોય તેવું લાગતું નથી. આથી જ કૃતિની રચના વિશે કે એમાં મહત્ત્વનો ભાગ ભજવતી ભાષા કે શૈલી વિશે એમને ઝાઝું કહેવાનું નથી.

નવલરામની પછીના વિવેચક શ્રી મણીભાઇ તન્ત્રીએ નવલકથા અને રોમાન્સ વચ્ચેનો ભેદ એમની રીતે જોવાનો પ્રયત્ન કર્યો છે. 'કરણઘેલો' ને નવલકથા કહેવા

સામે એમને થોડો વાંધો છે એનું કારણ આપતાં એઓ કહે છે; 'નવલકથાના સ્વરૂપની દૃષ્ટિએ જોતાં 'કરણઘેલો' એ પુસ્તક બહવાંગે નવલકથા છે,પરંતુ અમાનુષ બનાવનાં (અતિપ્રાકૃતિક- supernatural ) બે ત્રણ વર્ણનોને લીધે નવલકથાના પ્રકારમાંથી એ પુસ્તક કાઢી પણ નખાય.' આમ છતાં આવા બનાવોને કારણે નવલકથાની વસ્તુસંકલનામાં ખાસ પરિણામકારી ફેરફાર થતો નથી. એટલે એને નવલકથા ગણવામાં એમણે વાંધો લીધો નથી.

એમને મતે 'વર્ણનની રસિકતા' અને 'વિષયની સાક્ષાત્કારતા' એ આ નવલકથાનાં બે આકર્ષક લક્ષણો છે. સામાજિક સ્થિતિનું ચિત્ર, પ્રકૃતિ ચિત્ર કે માનુષી પ્રવૃત્તિનું ચિત્ર લેખકે ઉત્તમ કૌશલ્યથી આપ્યું છે એમ એમને લાગે છે. આમ કહીને એમણે પણ વર્ણનની આ કુશળતા બતાવનાર છૂટક પરિચ્છેદો ટાંક્યાં છે પણ કૃતિના સમગ્ર રચનાસંદર્ભમાં મૂકીને એમને તપાસ્યા નથી. આમ છતાં કેટલાંક વર્ણનો નવલરામની જેમ એમને પણ અપ્રાસંગિક લાગ્યાં છે. યાથાતથ્યના દોષ એમણે પણ નોંધ્યા છે.

પાત્રાલેખન અને કલાવિધાનની દૃષ્ટિએ એમને આ કૃતિ ઊણી ઊતરતી લાગી છે. મનોવિકારનાં ચિત્રો આલેખવામાં નંદશંકરની શક્તિ ઝાઝી દેખાતી નથી. કેટલીકવાર જ્યાં જનસ્વભાવના ચિત્રની અપેક્ષા હોય ત્યાં બોધકહેતુ અકારણે પ્રવેશી જતો દેખાય છે. પાત્ર વિષે લેખક પોતે વિવેચન કરવા માંડે ત્યારે કલાવિધાનમાં ક્ષતિ આવે છે. સ્ત્રી પાત્રનું આલેખન આ વિવેચકની દૃષ્ટિએ નંદશંકરની અરસિકતા છતી કરે છે. સમગ્રદૃષ્ટિએ જોતાં આ વિવેચકને 'કરણઘેલો' નું કલાવિધાન નબળું લાગે છે. એનો અંતિમ ભાગ વાસ્તવિકતાથી કેવળ વિરુદ્ધનો અને યુક્તિહીન માલૂમ પડે છે. મનુષ્યધર્મ અને સૃષ્ટિબંધારણ વિષેના ત્રણ જુદા જુદા મતોનું આપેલું વિવરણ પણ કલાવિધાનમાં અંતરાયરૂપ નીવડે છે.

ભાષાપરત્વે આ વિવેચકને એમાં સરળતાની સાથેસાથે વિષયાનુસારી પ્રૌઢત્વ દેખાય છે. એમને મતે ગુજરાતી ગદ્યના આરંભકાળમાં નંદશંકરે આવી ''શુદ્ધ,

સરળ અને તાલબંધવાળી ' ભાષા લખી તે પ્રશંસનીય છે. ભાષાશૈલીનુ પૃથક્કરણ કરીને કે નિદર્શનો રજૂ કરીને આ વિધાન એમણે સાધાર બનાવ્યું નથી. આ વિવેચનમાં પણ એક અખંડ પુદ્ગલ લેખે કૃતિની સંઘટનાને તપાસવાનો ઝાઝો પ્રયત્ન થયો હોય એવું જોવામાં આવતું નથી.

શ્રી વિશ્વનાથ ભટ્ટ 'કરણઘેલો' ના વિવેચનમાં રસદૃષ્ટિની સાથે સાથે ઇતિહાસદૃષ્ટિ પણ રાખવાનું જરૂરી ગણે છે. એમનું 'કરણઘેલો' નું વિવેચન જોતાં એમાં ઇતિહાસદૃષ્ટિને જ પ્રાધાન્ય મળ્યું હોય એમ લાગે છે. કંઇક વધારે પડતો વિસ્તાર કરીને એઓ નંદશંકરના જમાનાનું ચિત્ર રજૂ કરે છે. અને એ જમાનાના સૂરતનાં જે લક્ષણો, તેને 'કરણઘેલો' માંથી તારવી બતાવે છે. એ રીતે. એમાં 'સુઘડ રસિકતા', 'કૌતુક પ્રેમ', 'સંસ્કાર પ્રેમ' અથવા 'સુધારાની ધગશ' અને 'ફારસી પ્રેમ' આટલાં તત્ત્વો રહયાં છે એમ બતાવે છે. સ્પષ્ટ રીતે જ નવલકથાની રચનાકળા સાથે આ તત્ત્વોનો ઝાઝો સમ્બન્ધ નથી. એ તત્ત્વો નવલકથામાં રહયાં છે એમ કહેવાથી સમ–સામયિકતા આ નવલકથામાં કેવી રીતે પ્રતિબિંબિત થાય છે એવું બતાવ્યા સિવાય બીજો કોઇ હેતુ સરતો નથી.

આ ઉપરાંત લેખકનાં જીવન, શિક્ષણ, સ્વભાવ વગેરેમાંથી આવેલા પ્રકૃતિપ્રેમ, છટાદાર ભાષા, ચિંતનપરાયણ રસિક પાંડિત્ય ને નીતિપ્રેમ એવાં બીજાં તત્ત્વો પણ વિવેચક ગણાવી બતાવ્યાં છે. અને લેખકના જીવનના પ્રસંગો સાથે નવલકથામાંના પ્રસંગોનો સમ્બન્ધ વિગતે બતાવ્યો છે. 'કરણઘેલો' ના વર્ણનો, પ્રસંગોમાંથી દૃષ્ટાન્તો આપીને આ તત્ત્વો એમાં કેવી રીતે પ્રગટ થયા છે તે બતાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે. પણ આ બધી વીગતોનો 'કરણઘેલો' ની નવલકથા તરીકેની ચર્ચામાં ઝાઝો ઉપયોગ નથી. મેકોલેના ગદ્યનો પ્રભાવ એમનાં પર પડયો છે તે ઉપરાંત શેકસપિયર, મિલ્ટન, ગોલ્ડસ્મિથ, બાયરન વગેરેનાં કાવ્યનાટકો, સ્કોટ, લીટન, ડીકન્સ, થેકરે, મેડોઝ ટેલર વગેરે ની નવલકથાનો પણ એમની ઉપર પ્રભાવ પડયો છે એમ એમણે કહયું છે પણ એ પ્રભાવ

નવલકથાની રચનામાં શી રીતે દેખાઇ આવે છે તેની ચર્ચા વિવેચકે ઝાઝી કરી નથી. નંદશંકરનું વર્ણનસામર્થ્ય મેકોલેના પરિશીલનનું જ પરિણામ એમને લાગે છે. આમ છતાં આ વર્ણનોને કારણે જ ઘણીવાર 'કરણઘેલો' ખીલી નીકળવાને બદલે ઝાંખો પડી જાય છે. ભાષા વિશેની એમની ચર્ચા પણ અછડતી લાગે છે. નંદશંકરના જીવનમાંથી આ લક્ષણો તારવી આપવાનો સંકલ્પ કર્યો હોવાથી કેટલીકવાર પ્રમાણભાન ભૂલીને નંદશંકરના જીવનની વીગતો લેખક આપવા બેસે છે. આથી ઘણીવાર 'કરણઘેલો' નું વિવેચન વાંચતા હોઇએ એવું લાગવાને બદલે નંદશંકરના જમાનાના સૂરત વિશે, એમના સમકાલીન સમાજ વિશે, નંદશંકરના જીવનચરિત્ર વિશેનો માહિતીલેખ વાંચતા હોઇએ એવું વધારે લાગે છે.

એમણે 'કરણઘેલો' ની ક્ષતિઓ પણ બતાવી છે. એમાં રચનાની શિથિલતા છે એવું કહ્યા પછી એ પ્રથમ નવલકથા હોવાથી એ ક્ષતિઓને અનિવાર્ય ગણી લીધી છે. વસ્તુસંકલનાના દોષો એમણે પણ નવલરામની જેમ બતાવ્યા છે. પાત્રો, વ્યક્તિત્વની વિશિષ્ટતાને પામ્યા નથી. એમાં સુરેખતા અને સજીવતા પણ ઓછી છે. પાત્રો વાચકચિત્તના બની રહે એ નવલકથાની સફળતાનું વિવેચકને મતે મુખ્ય લક્ષણ છે. આ દૃષ્ટિએ પણ 'કરણઘેલો ' એમને નિરાશ કરે છે. કૌળાદેવીના પાત્રાલેખનમાં રહી ગયેલી વિસંગતિ એઓ નોંધે છે. આ ઉપરાંત સંવાદો યોજવામાં રહી ગયેલી કચાશ પણ એમને ખૂંચે છે. 'કરણઘેલો' ઐતિહાસિક બિનાનું સંકલન માત્ર દેખાય છે. કલ્પનાશક્તિ વડે તે સમયનું ચિત્ર તાદૃશ કરવાની નંદશંકરમાં ઝાઝી શક્તિ નથી.

આ રીતે શ્રી વિશ્વનાથ ભટ્ટનું વિવેચન નવલકથાના કલાતત્ત્વ પર ઝાઝો ભાર મૂકતું નથી. કેટલીક આનુષંગિક વીગતો વધારે પડતા વિસ્તારથી ચર્ચાઇ છે. ભાષા, રચનાકૌશલ, ઇતિહાસની વિગતોનું કલાના સત્યમાં થતું રૂપાન્તર - આ બધાંની સંતોષકારક આલોચના અહીં જોવા મળતી નથી.

'ગ્રંથ' ના ડિસેમ્બર ૧૯૬૬ ના નવલકથા અંકમાં શ્રી નલીનદાસ પારેખે 'કરણઘેલો' ની 'કથા અને રચનાકળા' વિશે ચર્ચા કરી છે. લેખકનાં જ શબ્દોમાં

નવલકથાના હેતુ વિશે સ્પષ્ટતા કરી તે હેતુ 'કથારસ જાળવીને કેવી રીતે સિદ્ધ કરવામાં આવ્યો છે તેની તપાસ કરવાનું એમણે માથે લીધું છે. આમ કરવામાં એઓ મુખ્યત્વે તો નવલકથાનો પ્રકરણવાર સાર આપતા જાય છે અને પ્રસંગોપાત્ત એમને જે આલોચનાત્મક નોંધ ઉમેરવા જેવી લાગે છે તે ઉમેરતા જાય છે. આ પદ્ધતિ સ્વીકારવાથી કથાનો સારાંશ મોટો ભાગ રોકે છે અને આલોચનાત્મક નોંધો વેરવિખેર પડેલી હોવાથી ક્યાંક ક્યાંક કેવળ અભિપ્રાયનું રૂપ ધારણ કરે છે.

આગળના વિવેચકોની જેમ એમને પણ વર્ણન 'કરણઘેલો' નું સબળામાં સબળું અંગ લાગે છે. એમની દૃષ્ટિએ આખી નવલકથા જ વર્ણનોની હારમાળા જેવી છે. આમ છતાં વર્ણનોમાં રહેલી શરતચૂક, વીગતદોષ કે કથારસમાં એને કારણે આવતી બાધકતાનો એમણે નિર્દેશ કર્યો છે ખરો. એમને મન કથારસ અસ્ખલિત રહે તે નવલકથા માટે અનિવાર્ય છે પણ આ કથારસ એવી સંજ્ઞાથી એમને શું ઉદ્દિષ્ટ છે તે બહુ સ્પષ્ટ થતું નથી. કથામાં આગળ શું બન્યું એ વિશેનું કુતૂહલ એને જ જો કથારસ કહેવામાં આવતો હોય તો એની નવલકથાને એક સાહિત્યસ્વરૂપ લેખે ઝાઝો ન્યાય થતો નથી એમ કહેવું પડે. રચનાની શિથિલતા એમને બહુ સાલતી નથી. લેખકે વસ્તુગૂંથણી પોતાના પ્રયોજનને સિદ્ધ કરે એવી રીતે કરી છે એમ એમને લાગ્યું છે. બધા બનાવો સ્વાભાવિક રીતે જ વસ્તુને લેખકે ઇચ્છેલા પરિણામ તરફ લઈ જાય છે. કથાના પ્રવાહમાં જે બાધારૂપ બન્યું છે તેની સામે જ એમને વાંધો છે. કથા સાથે જે સમરસ થાય તે નિર્વાહ્ય એવી એમની દૃષ્ટિ છે. એમણે પણ ભાષા કે શૈલી વિશે વીગતે ચર્ચા કરી નથી. એમની દૃષ્ટિએ 'કરણઘેલો' ની શૈલી 'લચ્છાદાર ' શૈલી છે. એમણે પણ ઐતિહાસિક વીગતોના કલાસામગ્રી લેખે થતાં રૂપાન્તરની ચર્ચા ઝાઝી કરી નથી. નવલકથામાં નિરૂપેલા સમાજનું ચિત્ર લેખકે પોતાના સમયના સમાજરંગોથી રંગ્યું છે એમ એમણે નોંધ્યું છે. વચમાં આવી જતાં વ્યાખ્યાનો કે નિબંધો એમને પણ ક્ષતિકર લાગ્યાં છે. છતાં આગલા વિવેચકોની જેમ કેટલાક વિચારખંડો એમને સારા લાગ્યા છે. એકંદરે જોતાં સંવાદ અને પાત્રાલેખન એ બે નબળા અંગો છતાં 'કરણઘેલો' એમને ગુણવત્તાથી ભરેલી નોંધપાત્ર નવલકથા લાગે છે.

શ્રી નગીનદાસ પારેખે પણ એમની ચર્ચામાં આ કૃતિના આગલા વિવેચકોની જેમ રચના કૌશલ કે કલાતત્ત્વની ઝાઝી મીમાંસા કરી નથી. વર્ણન, વિચાર અને કથારસ આટલી વસ્તુ એમણે મહત્ત્વની ગણી છે. નિરપેક્ષ દૃષ્ટિએ જોવા કરતાં ઐતિહાસિક દૃષ્ટિએ એ આપણી પહેલી નવલકથા છે એ ધ્યાનમાં રાખીને એમણે આ કૃતિને મૂલવી છે.

શ્રી યશવંત શુકલ પણ ઐતિહાસિક દૃષ્ટિએ 'કરણઘેલો' ને તપાસવાના મતના છે. એમની મર્યાદાઓ અને લાક્ષણિકતાઓને એઓ આ દૃષ્ટિએ સમજાવે છે. એમાંની ઘણી એમના સમકાલીન સમાજની અભિરુચિ અને અપેક્ષાને સંતોષવા જતાં ઊભી થઇ છે. આ પૈકી નવલકથામાં નંદશંકરે જાણી બૂઝીને વણી લીધેલી ભૂતપ્રેતના ચમત્કારોની વાત એમને બહુ નિર્વાહ્ય લાગી નથી. વસ્તુગૂંથણીમાં પણ ઘટનાઓનો હારડો ('સંકલન') માત્ર આપ્યો હોય એવું એમને લાગ્યું છે. વિશ્વનાથ ભટ્ટની જેમ એઓ પણ માને છે કે લેખકના ઇષ્ટ પ્રયોજનને એમણે આ નવલકથામાં સિદ્ધ કર્યું છે. એમની નવલકથા સૃષ્ટિમાં એમણે ધર્મ અને નીતિની જય પ્રવર્તાવ્યો છે. આમ કરવા જતાં પાત્રો અને પ્રસંગો એમાં જ સોગઠાં બની ગયાં છે તે એમણે સ્વીકાર્યું છે. નંદશંકરને ઉદ્દેશ વરેલી હોવાથી કેવળ વાર્તા આપીને એમણે સંતોષ માન્યો નથી પણ સાથે સાથે નિબંધો અને વર્ણનો પણ આપ્યાં છે. યશવંત શુકલને એ અંશો અપ્રસ્તુત લાગ્યા છે. છતાં નવલકથાના અંગરૂપે ન જોતાં નિરપેક્ષ દૃષ્ટિએ જોતાં તેમાં નંદશંકર ગદ્યકાર, સૌંદર્યપરીક્ષક અને ચિંતક તરીકેની ઊંચી શક્તિનો પુરાવો આપે છે, એવું એમને લાગ્યું છે. નંદશંકરમાં રહેલી સૂક્ષ્મ નર્મબુદ્ધિનો પણ આ કૃતિમાં પરિચય થાય છે અને તે એમની દૃષ્ટિએ નંદશંકરની એક વૈયક્તિક સિદ્ધિ છે. નવલકથામાં આપેલા બોધનું આંતરસામર્થ્ય, સૂક્ષ્મતા, સંસ્કારિતા, તાર્કિકતા, તેજસ્વિતા લેખકને લોકપ્રિય બનાવવામાં મોટો ફાળો આપે છે એમ એમને લાગ્યું છે. નંદશંકરની ભાષા એમને તેજસ્વી પ્રવાહી અને સંસ્કારી લાગી છે, અલબત્ત આજે આપણને ગ્રામ્ય લાગે એવા શબ્દો નંદશંકરે વાપર્યા છે તેની એમણે નોંધ લીધી છે ખરી. આમ છતાં એ ગદ્યમાં એમને નાટ્યાત્મક ઘટના, પરિસ્થિતિ કે ભાવની સૂક્ષ્મતાઓનું વહન કરવાની શક્તિ દેખાતી નથી. આ જ કારણે સંવાદો

વિકસાવી શકાયા નથી. આથી ગુજરાતની આ પહેલી નવલકથા વૃત્તાન્તો અને નિબંધોના સમવાય જેવી બની ગઇ છે. આ બધી મર્યાદાઓ છતાં આ પહેલી નવલકથામાં એમને તૈયારી કોઇ સમર્થ મહાપ્રાણવાનની દેખાઇ છે. આ બધી ઊણપો છતાં એ કૃતિ આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે એવું એમને લાગ્યું છે. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ અને સર્જનાત્મક કલ્પનાના સમન્વયના પ્રશ્નની ચર્ચા એમણે અહીં ઉઠાવી નથી. ગોવર્ધનરામ પર અને 'કરણઘેલો' પછીની ઘણી બધી નવલકથાઓ પર એવો પ્રભાવ પડયો તે આ કૃતિમાં રહેલા સત્વને કારણે જ એવું એમનું માનવું છે.

શ્રી સુરેશ જોષીએ એમના 'નવલકથા વિષે' એ લેખમાં નંદશંકરે ભાવ, આશય અને વિષયનું મહત્વ સ્થાપવા વિશે વસ્તુસંકલનાને અગત્યની ગણી હોવા છતાં આશયના આવિષ્કાર સાથે વસ્તુ-સંકલનાનો શો સંબંધ હોવો ઘટે તેની સૂક્ષ્મ સૂઝ એ જમાનાના સર્જક કે વિવેચકને નહોતી એમ કહ્યું છે. એમને મતે નંદશંકર પાસે ઐતિહાસિક સમયને જીવતો કરવાની કળા નહોતી આથી નંદશંકરે ઘણી બધી સામગ્રી એનું કશું રૂપાન્તર સિદ્ધ કર્યા વિના બહારથી ઉપાડીને મૂકી દીધી છે. આ સમગ્ર માહિતી પૂરી પાડવાના ખપમાં આવે એથી બીજો એનો ઉદ્દેશ નવલકથામાં શો હોઇ શકે ને એવા ઉદ્દેશ અનુસાર નવલકથાને ઉપકારક નીવડે એ રીતે એનું રૂપાન્તર શી રીતે કરવું ? આ પ્રશ્નો નંદશંકરના મનમાં ઊઠયા હોય એમ લાગ્યું નથી. નવલકથા લખતી વેળાએ એની સર્જન-પ્રક્રિયાના તટસ્થ સાક્ષી બનીને એની રચનાના દરેક તબક્કાને સાવધ બનીને જોવાનું તેઓ ચૂકી ગયા છે. નંદશંકરનો બચાવ કરનારા વિવેચકોને એમણે જવાબ વાળતા કહ્યું છે કે નંદશંકરનો પોતાની ભાષામાં પૂર્વ ના પ્રયોગોનો લાભ મળ્યો ન હતો તેથી એઓ સ્વભાવિક રીતે પોતાના સમાજની રુચિને સંતોષવા પ્રવૃત્ત થયા એમ કહેવામાં એક વાતનું વિસ્મરણ થાય છે. પોતાની સામે કોઇ નમૂનો ન હોય તેથી લોકવૃત્તિને સંતોષવાનો પ્રયત્ન સર્જક કરે એ અનિવાર્ય નથી. સર્જક પાસે કોઇ નમૂનો ન હોય તો ય આખરે તો એ સર્જન કરવા નીકળ્યો છે, નવી કેડી પાડવા નીકળ્યો છે. આ સાહસ એ કેવી રીતે કરે છે ને એથી પોતાને આનન્દ કે સંતોષ થાય છે

ક નહીં એ પહેલી વસ્તુ છે. લોકનું આરાધન તો પછી આવે છે. સુરેશ જોષીની દૃષ્ટિએ પણ નંદશંકરનું અર્પણ સાહિત્યના ઇતિહાસને છે, સાહિત્યને નહીં. સમકાલીન લોકસમાજની રુચિની મર્યાદા અનિવાર્યતયા સર્જકની પણ મર્યાદા બની રહેવી ન જોઇએ. નવલકથાના સંયોજનમાં અને સંઘટનમાં શી ભાગ ભજવે છે તેની ચર્ચા વિવેચકોએ કરી નથી. આ વિવેચકોની દૃષ્ટિએ 'કરણઘેલો' માં નંદશંકરની સમર્થ ગદ્યકાર, સૌંદર્યપરીક્ષક અને ચિંતક તરીકેની પરિચય થાય છે છતાં આ વિવેચકોએ નંદશંકરની આ શક્તિઓ નવલકથાને નવલકથા બનાવવામાં કેમ ખપે લાગી નહીં તેનું નિદાન કરતા નથી.

આ બધા વિવેચનો જોતાં પ્રથમ ગુજરાતી નવલકથાના વિવેચનમાં ઊભી થએલી કેટલીક મુશ્કેલીઓ સ્પષ્ટ થાય છે. નંદશંકરના સમસામયિક વિવેચકો પાસે પશ્ચિમમાંથી ઊતરી આવેલા આ સાહિત્ય પ્રકાર પરત્વેની સ્પષ્ટ સૂઝ નહોતી. આથી પ્રાચીન આલંકારિકોએ આપેલી સંજ્ઞાઓને ઉપયોગમાં લેવાની એમણે પ્રયત્ન કર્યો છે. પણ 'રસ' જેવી સંજ્ઞાને નવલકથા જેવા દીર્ઘસાહિત્યસ્વરૂપ પરત્વે પ્રયોજવી હોય તો એના સંકેતને નવેસરથી સ્પષ્ટ કરી લેવાની જરૂર ઊભી થાય છે. જે સંજ્ઞા રચનાની સંકુલતાના બધા અંશોને આવરી લઇને સંતોષકારક સ્પષ્ટીકરણ આપી શકતી હોય તે જ વિવેચનમાં સાર્થક ગણાય. આ દૃષ્ટિએ રસને એના પ્રાચીન સંકેતને અનુસરવાથી ઝાઝો અર્થ સરતો હોય એમ લાગતું નથી. રસના સંકેતને જો નવેસરથી ઘટાવીએ તો જ એ ઉપયોગી થઇ પડે. આ રીતે નવલકથામાં માનવવ્યવહારના સંદર્ભને યોજવાની રીતિ, એના ઘટકો વચ્ચેની અનિવાર્યતાની સંબંધ , આ અનિવાર્યતા તે જ રચનાનું સત્ય અને એની કલારીતિએ થતી નિષ્પત્તિ તે રસનિષ્પત્તિ એવો એનો વ્યાપક અર્થ લેવાની રહે. માનવવ્યવહારનું પ્રતીતિકારક વર્ણન, એના કેટલાક સ્થાયી અને સંચારી અંશોનું નિરૂપણ આટલે સુધી તો સમકાલીન વિવેચન આવે છે ખરું. પણ એમાં કર્તાના આશયનો મુદ્દો પણ ઉપસ્થિત કરવામાં આવે છે. 'કરણઘેલો' ના લેખકે પ્રસ્તાવનામાં જે આશય પ્રકટ કર્યો છે તેને ધ્યાનમાં રાખીને તેની સિદ્ધિ તે નવલકથાની સિદ્ધિ એવું મોટા ભાગના વિવેચકોએ માની લીધેલું દેખાય છે. વિવેચનને તપાસવાનો મુદ્દો તો બીજો જ

છે: આ આશય સિદ્ધ કરવાની લેખકની કલારીતિ સાર્થક નીવડી છે ખરી ? એ દૃષ્ટિએ વસ્તુસંકલના અને પાત્રાલેખન થયાં છે ખરાં? એ જ દૃષ્ટિએ નવલકથાનું વિભાજન થયું છે ખરું ?

લોકશિક્ષણનો મુદ્દો આગળ કરવામાં આવ્યો છે, સાથે સાથે એ જમાનાની લોકરુચિની મર્યાદાને પણ આગળ કરવામાં આવી છે. સુરેશ જોષીની જેમ નિરપેક્ષ દૃષ્ટિએ કોઇ કૃતિનુ વિવેચન થવું જોઇએ એવો આગ્રહ ન રાખીએ, તો ય સર્જક લોકરુચિના બંધન સ્વીકારે તો સર્જનનું ગૌરવ ઓછું થાય. સાહિત્યની શુદ્ધતાનો ખ્યાલ એ જમાનામાં તો કવિતા પરત્વે પણ નહોતો એ સાચું અને નવલકથા એ આજે ય કેટલાક પશ્ચિમના વિવેચકોની દૃષ્ટિએ શુદ્ધ સાહિત્યપ્રકાર ગણાતો નથી એ ય સાચું. તેથી કરીને નવલકથા લેખકના વક્તવ્યનું, સમાજસુધારાનું કે લોક-શિક્ષણનું સાધનમાત્ર છે એમ પણ ન ગણી શકાય.

મોટા ભાગના વિવેચકો નવલકથાને એક અખંડ પુદ્ગલ ( Organic Structure ) રૂપે જોતા હોય એમ લાગતું નથી. વસ્તુસંકલના તપાસતી વેળાએ બિનજરૂરી લંબાણ, અપ્રસ્તુત અંશો, વર્ણનનો વિસ્તાર આ બધા તરફ ધ્યાન ખેંચ્યું છે ખરું. છતાં તે તે અંશોને પૃથક્રૂપે જોઇને તેની પ્રશંસા પણ કરી છે. વર્ણન પૃથક્ અંશરૂપે જોતાં સારું હોય, છતાં નવલકથાની રચનાના સમગ્ર સંદર્ભમાં એ કલાને હાનિકારક હોય તો નવલકથામાં તો એ ટાળવા જેવુંજ લેખાવું જોઇએ. લેખકમાં પણ આ સમગ્રતાની હમેશાં નજર સમક્ષ રાખવાની દૃષ્ટિ નથી., તો વિવેચકો પણ હમેશાં આ દૃષ્ટિ ધ્યાનમાં રાખે છે એવું નથી.

લેખકનો સમય, લેખકના સમયનું જીવન, લેખકના જીવનના પ્રસંગો આ બધી વીગતો પૂરેપૂરી અપ્રસ્તુત ન લેખીએ તો ય એના પર વધુ પડતો ભાર મૂકવાથી વિવેચને જે મુખ્યત્વે તપાસવાનું છે તે સર્જકની સર્જક લેખેની ક્ષમતા, કૃતિની રચનાકલા ગૌણ સ્થાન પામે છે. ખાસ કરીને વિશ્વનાથ ભટ્ટના વિવેચનમાં આવું થયેલું જણાય છે ને એથી જ એ વિવેચનમાં વધારે પડતો વિસ્તાર થયેલો લાગે છે. નવલરામ રસને કૃતિની રચનાકલાના અનુલક્ષમાં જોતા લાગે છે, ને તેથી જ એ પાસું નબળુ રહી ગયાનું એમને લાગ્યું છે. આ જ

રીતે પાત્રયોજનાની પધ્ધતિ વિશે ઝાઝી તપાસ થઈ નથી. પાત્રો વ્યકિતચિત્ર હોય કે વર્ગચિત્ર, નવલકથાની સૃષ્ટિમાં એમનું આગવું અસ્તિત્વ છે એવું લાગવું જોઈએ. પાત્રો લેખકનો ભાવના કે દૃષ્ટિને પ્રકટ કરવાના સાધનરૂપ જ લેખતાં હોય તો એમાં સજીવતા કે પ્રાણમયતા પ્રવેશી ન શકે.

સૌથી વિશેષ તો એ લક્ષમાં રાખવાનું છે કે સાહિત્યના ને સર્જનાત્મક સાહિત્યના માધ્યમ લેખે આ પેઢીના કોઈ વિવેચકે ભાષા કે શૈલીની ઝીણવટથી તપાસ કરી નથી. નંદશંકર ગદ્યના પ્રથમ ઘડવૈયા હતા એ હકીકતને સ્વીકારીએ તો ય આ ગદ્ય અને એની શૈલી આ કૃતિની આવશ્યકતા પ્રમાણે ઘડવાની જવાબદારી કેટલે અંશે અદા કરી એ તપાસવું જરૂરી બને છે. ભાષાની માધ્યમલેખે વિચાર થયો નથી. ગદ્યને કેમ તપાસવું, એની સાર્થકતા શેને આધારે સિધ્ધ કરવી, ગદ્યની કાવ્યમયતા કોને કહેવી-આ બધા મુદ્દા મોટે ભાગે ઉપસ્થિત પણ કરવામાં આવ્યા નથી.

આમ છતાં વસ્તુસંકલના, રચના અને રીતિ અને લેખકનો આશય આ ત્રણ તત્વોનો વિચાર થયેલો દેખાય છે, ને ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં, ઘણી અપ્રસ્તુત વીગતોનો સમાવેશ થયેલો હોવા છતાં, કેટલાક મહત્વના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા જ નથી કે ઉપસ્થિત કરવામાં આવ્યા તો તેની સંતોષકારક કે પૂરતી છણાવટ થઇ નથી તે છતાં નવલકથાને એક આગવા સાહિત્યપ્રકાર લેખે, જોવા તપાસવાની પ્રવૃત્તિ શરૂ થઇ ચૂકી છે એવું તો આપણને લાગેજ છે.

આ પછીની કૃતિઓના વિવેચન વિશે આથી આપણા મનમાં કેટલીક અપેક્ષાઓ જાગે છે. હવે વસ્તુસંકલનાની વધુ સૂક્ષ્મતાથી વિચાર થશે, ભાષા અને શૈલીનાં સર્જનાત્મક કૃતિમાંના મહત્વ વિશેની તથા એની કૃતિને માટેની ઉપકારકતાની પણ બારીકાઇથી વિચાર થશે એવી અપેક્ષા જાગે છે. લેખકનો આશય, લેખકનું જીવન દર્શન - આના પર તો ભાર મૂકવામાં આવે જ છે ને બીજી કૃતિઓનાં વિવેચનો તપાસતાં એ જણાઇ

પણ આવશે જ, છતાં, આ જીવનદર્શન કે આશયને સિદ્ધ કરવાની સર્જકની કલારીતિની પણ હવાલી આપવામાં આવશે એવી પણ અપેક્ષા બંધાય છે. આ ઉપરાંત ઇતિહાસનું તથ્ય અને કલાનું સત્ય - આ બેના સમન્વયની સમસ્યાઓ વિશે પણ આ પ્રકારની નવલકથાઓ પરત્વે ચર્ચવાની ભૂમિકા પ્રસ્તુત થશે એવું પણ લાગે છે. આ બધાંને પરિણામે ઘટકો વચ્ચેના સંબંધોની પણ મીમાંસા થશે એવી અપેક્ષા પણ જાગે છે. ધીમેધીમે કલાકૃતિના વિવેચનમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચેની વિવેક પણ સ્પષ્ટ થતી જશે.